# આત્મધર્મ

માસિક : વર્ષ-૧ * અંક-૩ * નવેમ્બર, ૨૦૦૬



કોઈ એમ કહે કે પર્યાયને અમે ફેરવી શકીયે, પુરુષાર્થથી આડી-અવળી કરી શકીએ, તો ભગવાન! કેવળજ્ઞાનમાં એણે કુહાડો માર્યો છે; કેવળજ્ઞાનને એણે માન્યું-જાણ્યું નથી. —*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

❀ પરમ સત્ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન દ્રવ્ય અન્ય દ્રવ્યોથી તો પૃથક્ છે પણ પર્યાયના ભેદોથી પણ અભેદ વસ્તુ પૃથક્ છે એમ પહેલાં નિર્ણય તો કર! અરેરે! ૮૪ના અવતારમાં અનંત અનંત ભવો કર્યાં ને તે દેખનારને રુદન આવે એવા દુઃખો તેં સહન કર્યાં, તે દુઃખોને મટાડવા હોય તો આ કરવા જેવું છે કે જેનામાં જનમ-મરણ તો નથી, તેના દુઃખો તો નથી પણ પર્યાયના ભેદો પણ નથી એવા નિર્વિકલ્પ જ્ઞાનઘન સ્વદ્રવ્યને શ્રદ્ધવું, દેખવું. ૩૯૭.

❀ પ્રત્યેક પદાર્થની થવાવાળી ક્રિયા પોતાની કાળલબ્ધિથી થઈ છે; નિમિત્તથી થઈ નથી. પ્રત્યેક પરિણામ પોતાની ઉત્પત્તિના જન્મક્ષણથી ઉત્પન્ન થયા છે, નિમિત્તથી થયા નથી. અક્ષર લખાય છે તે કલમથી લખી શકાતા નથી. અક્ષરના પરમાણુની ક્રિયાનો કર્તા અક્ષરના પરમાણુ છે. સારી કલમથી સારા અક્ષર થાય કે લખનારની આવડતથી સારા મરોડદાર અક્ષર થાય તેમ નથી. અજ્ઞાની જગતને આવી વાત પાગલ જેવી લાગશે. પણ બાપુ! તારે જગતથી-સંસારથી છૂટવું છે ને?—તો વસ્તુસ્થિતિની મર્યાદાનો સ્વીકાર કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી. દુનિયા ભલે પાગલ માને, 'લોક મૂકે પોક,' તારે દુનિયાનું શું કામ છે? દુનિયા દુનિયાનું જાણે તું તારા આત્માનું હિત થાય તેમ કરી લે ને! આ તો આત્મહિત કરી લેવાની મોસમ પાકી છે. આવા ટાણાં ચૂકયે ફરી હાથ નહીં આવે. ભાઈ! બહારનું બધું તો એક-બે ચાર નહીં પણ અનંત-અનંતવાર કરી ચૂક્યો છો, તેમાં શું નવું છે?—ને કોઈ શું માનશે કે શું કહેશે એનું તારે શું કામ છે? બીજાને રાજી રાખવામાં કે રાજી કરવામાં તારો આત્મા દાઝી રહ્યો છે. પણ એની તેં કદી દરકાર ક્યાં કરી છે?—હવે તો જાગ! ભેદજ્ઞાનનો માર્ગ આચાર્યદેવે તારી સામે ખૂલ્લો કર્યો છે. અરે! તેં ભોગવેલાં દુઃખોનું પૂરું વર્ણન ભગવાનની વાણીથી પણ થઈ શકતું નથી એટલા તો તેં દુઃખ ભોગવ્યા છે, હવે એકવાર તો તારા આત્માની સામે જો! હવે તો પરથી ખસ, સ્વમાં વશ—આટલું બસ. ૩૯૮.

❀ પરદ્રવ્યની પંચાતમાં ફસાઈ ગયો છે! પણ એક વીતરાગી નિશ્ચયરત્નત્રય જ ઈષ્ટ છે, બાકી સર્વે અનિષ્ટ છે. માટે તારું વલણ ફેરવી નાખ. પર તરફનું વલણ છોડી સ્વ-તરફનું વલણ કર. જ્યાં સુધી પર, નિમિત્ત કે વિકલ્પનો પ્રેમ છે ત્યાં સુધી આત્માનો દ્વેષ છે. અરે જીવ! ભાગ્ય વિના આ વાત સાંભળવા પણ ક્યાંથી મળે ? ભગવાન તને કહે છે કે પ્રભુ! તું તારી સામે જો ને! ત્યાં સુખ ભર્યું પડ્યું છે. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય તેમ ભાઈ! આ વાત સાંભળવા મળી, સાંભળવાના ટાણાં આવ્યા ત્યારે પહેલાં સંસારના આ કાર્ય કરી લઉં ને પહેલાં તે કાર્ય કરી લઉં—એમ ન હોય; નહીં તો ટાણાં ચાલ્યા જશે તે ફરી પાછા નહીં આવે, માટે પહેલાં આ કરી લે. ૩૯૯.

વર્ષ-૧
અંક-૩
સંવત
૨૦૬૩
November
A.D. 2006




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# બેસતાં વર્ષની બોણી

卐 આત્મા-જ્ઞાન-પરનું કરતો તો નથી પણ પરને જાણતો પણ નથી. આહાહા! ધર્મી એમ માને છે કે હું પરનું કરતો તો નથી પણ પરને-જ્ઞેયને જાણતો પણ નથી; હું તો મારા જ્ઞાનની પર્યાયને જ જાણું છું.

卐 જ્ઞાની હૈ વો પરકા તો કર્તા હૈ નહીં, વિકારીભાવકા ભી કર્તા નહીં હૈ; જ્ઞાની તો જો વિકાર હોતા હૈ ઉસકા જ્ઞાતા હૈ ઔર અજ્ઞાની ભી પરકા કર્તા હૈ હી નહીં, વિકારી ભાવકા ભી કર્તા અજ્ઞાનભાવસે બનતા હૈ.

卐 પર્યાય પર કા કર્તા હૈ સો હૈ હી નહીં લેકિન પર કો જાનતા હૈ વો ભી ઉપચાર હૈ-વ્યવહાર હૈ. આહાહા! ક્યોંકિ પરચીજ જ્ઞાન-પર્યાયમેં આતી નહીં ઔર પર્યાય ઉસમેં જાતી નહીં. અરે! જ્ઞાન-પર્યાય કર્મ ઔર આત્મા કર્તા સો ભી ઉપચાર સે કહનેમેં આતા હૈ. ક્યોં? ક્યોંકિ નિશ્ચય સે તો પર્યાય પર્યાય કા કર્તા હૈ ઔર પર્યાય હી પર્યાય કા કર્મ હૈ ઈસલીયે જાનને કી પર્યાય પર્યાય કો હી જાનતી હૈ. જાનને કી પર્યાય પર્યાય કા કર્તા ઔર વો હી પર્યાય ઉસકા કર્મ. દ્રવ્ય તો કૂટસ્થ હૈ, વો કુછ જાનતા નહીં.

卐 આહાહા! અનંતવાર મુનિપણું લીધું પણ દૃષ્ટિ તો રાગ અને એક સમયની પર્યાય ઉપર જ રહી તેથી અનાદિથી ચોરાસીનાં અવતાર કરી રહ્યો છે. અરે ભાઈ! એક વાર દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર! આવા અવતાર ફરી નહીં મળે! આવું તત્ત્વ નહીં સમજે તો ફરી પાછા ચોરાસીના અવતાર થશે! આહાહા!

卐 પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે એટલે કે પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે. જો પર્યાય દ્રવ્યનો આશ્રય કરે તો તો પર્યાય પરાધીન થઈ જાય.

卐 અનંતવાર જૈનમાં જન્મ્યો, અનંતવાર સમવસરણમાં ગયો, અરે! અનંતવાર તીર્થંકરની વાણી પણ સાંભળી પણ જ્યાં પર્યાય દૃષ્ટિ છોડીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે ત્યાં દૃષ્ટિ ન કરી! આહાહા!

卐 જે એક સમયની પર્યાયમાં દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહારરત્નત્રય આદિના ભાવ આવ્યા એ પર્યાય પામર છે, ભીખારણ છે! આહાહાહા!

卐 મૈં દ્રવ્ય હું યે સ્વદ્રવ્ય ઔર મેરે અનંત ગુણ ઐસા વિકલ્પ પરદ્રવ્ય હૈ. મૈં અસંખ્ય પ્રદેશી હું યે સ્વક્ષેત્ર હૈ ઔર અસંખ્ય પ્રદેશોં કા વિકલ્પ વો પરક્ષેત્ર હૈ. મૈં ત્રિકાળી હું વો સ્વકાળ હૈ ઔર એક સમય કી પર્યાય ચાહે નિર્મળ પર્યાય વો પરકાળ હૈ. વસ્તુ કી સહજ શક્તિ વો સ્વભાવ હૈ ઔર શક્તિઓંકી ભેદરૂપ કલ્પના વો પરભાવ હૈ. યે જો સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વો હી સમ્યગ્દર્શનકા વિષય હૈ ઔર જો યે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હૈ વો તો વ્યવહાર હૈ, અભૂતાર્થ હૈ, વો સમ્યગ્દર્શનકા વિષય નહીં હૈ.

卐 દ્રવ્ય પરિણમતા નહીં, પર્યાય પરિણમતી હૈ.

卐 જ્ઞેય જે છ દ્રવ્ય તેની પર્યાય પોતાના જન્મક્ષણે પ્રગટ થાય તેવો તેનો સ્વભાવ છે.

卐 ઉત્પાદ તે ઉત્પાદથી છે, તેને વ્યય કે ધ્રુવની અપેક્ષા નથી.

卐 પોતપોતાનાં સમયમાં પર્યાય ઉત્પન્ન થાય છે એ કાળલબ્ધિ છે અને તે જ ક્રમબદ્ધ છે.

卐 સામાન્ય જે દ્રવ્ય છે તે પર્યાયને સ્પર્શતું નથી અને વિશેષ જે પર્યાય તે દ્રવ્યને સ્પર્શતી નથી.

卐 (પરિણમનરૂપ) ષટ્કારકો એ તો પર્યાયનાં છે, દ્રવ્યના નથી. દ્રવ્યના કારકો છે એ તો કુટસ્થ છે, પરિણમતા નથી. પર્યાયનાં કારકોનું પરિણમન છે.

卐 જેમ વિકારી પર્યાય પોતાની પર્યાયનાં ષટ્કારકથી પરિણમે છે તેમ શુદ્ધ પર્યાય પણ પોતાની પર્યાયનાં ષટ્કારકથી પરિણમે છે.

卐 આહાહા! દૃષ્ટિનાં વિષયમાં પર્યાય છે જ નહીં! પણ પર્યાય છે જ નહીં—કાંઈ વસ્તુ જ નથી એમ નથી. પર્યાય પર્યાયમાં છે એમ જાણવું જોઈએ. પર્યાય દ્રવ્યમાં નથી પણ પર્યાય પર્યાયમાં છે. પર્યાયને જે અભૂતાર્થ-અસત્યાર્થ કહી હતી–ગૌણ કરીને પર્યાય નથી એમ કહ્યું હતું તે તો પર્યાયમાં છે તેને પણ દૃષ્ટિનાં વિષય વખતે ગૌણ કરીને અભૂતાર્થ કહી છે. તેનો મતલબ એમ નથી કે પર્યાય દ્રવ્યમાં છે અને એમ પણ નથી

કે પર્યાય પર્યાયમાં પણ નથી. ઝીણી વાત છે બાપુ!

卐 દ્રવ્ય બે પ્રકારનું છે : એક તો પ્રમાણનું દ્રવ્ય અને બીજું દૃષ્ટિના વિષયનું દ્રવ્ય. પ્રમાણનાં દ્રવ્યમાં દ્રવ્ય અને પર્યાય બંનેનો સમાવેશ થાય છે. જ્યારે દૃષ્ટિનાં વિષયનું દ્રવ્ય તો ત્રિકાળી ધ્રુવ છે, તેમાં પર્યાયનો સમાવેશ જ નથી. નિશ્ચયથી તો દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ જ છે, તેમાં પર્યાય છે જ નહીં,–તે દૃષ્ટિનાં વિષયનું દ્રવ્ય છે. તેમાં પર્યાયને ભેળવતાં તે પ્રમાણનું દ્રવ્ય થાય છે.

卐 શ્રોતા :—દ્રવ્ય અને પર્યાયમાં ભેદ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દ્રવ્ય અને પર્યાયમાં સર્વથા ભેદ છે. દ્રવ્ય સર્વથા ત્રિકાળી નિત્ય છે અને પર્યાય સર્વથા અનિત્ય છે. દ્રવ્ય કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે–એમ નથી. પર્યાય સર્વથા દ્રવ્યમાં–ત્રિકાળી ધ્રુવમાં પણ નથી. પર્યાય પર્યાયમાં તો છે, પર્યાય પર્યાયમાં પણ નથી એમ નથી.

卐 જે થનાર તે બદલનાર નહીં અને જે બદલનાર તે થનાર નહીં.

卐 પર્યાય સર્વથા ન માને તો વેદાંત થઈ જાય તેટલા ખાતર જ પર્યાય છે એમ કહ્યું છે. પણ એનો મતલબ એમ નથી કે પર્યાયમાં દ્રવ્ય આવી જાય છે કે દ્રવ્યમાં પર્યાય આવી જાય છે. પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યની પ્રતીતિ કરી લે છે. પર્યાય પર્યાયમાં તો છે પણ દ્રવ્યમાં નથી. આહાહા!

卐 આહાહા! જીવ જાણનાર-દેખનાર છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આત્માને નિર્વિકારી પર્યાયનો કર્તા કહેવું એ ભેદનું કથન છે. એ નિર્મળ પર્યાય તો તે સમયે પર્યાયનાં પોતાના ષટ્કારકથી થાય છે, આત્માથી-અપરિણામી દ્રવ્યથી થતી નથી. એ વીતરાગી પરિણામ એક સમયનાં સ્વતંત્ર ષટ્કારકથી થાય છે.

卐 જેમ, જીવદ્રવ્યથી પુદ્ગલદ્રવ્યનું સત્ત્વ-સત્તા જુદી છે તેમ, આત્માની સત્તાથી રાગની પર્યાયની સત્તા ભિન્ન છે. તે બન્નેની મોજુદગી જ જુદી છે. ચૈતન્યનું સત્ત્વ તે રાગનું સત્ત્વ નથી ને રાગનું સત્ત્વ તે ચૈતન્યનું સત્ત્વ નથી.

卐 આયુષ્ય પુરું થવાનાં–દેહ છૂટવાનાં ટાણા આવ્યાં ને આવું સત્ નહીં સાંભળે તો આત્મા દૂર થઈ જશે! તે પછી ક્યાં જશે?

卐 આહાહા! આત્મા જે દૂર થઈ ગયો તેને નજીક લાવવા રાગને તો વેગળો કરી નાખ પણ એક સમયની પર્યાયને પણ વેગળી કરી નાખવી પડશે. ભાઈ બાપુ! મારગડા

જુદા છે! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુદ્ગલનાં છે.

卐 સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ કે જે વીતરાગ ચારિત્રના પરિણામ છે તે પણ ઉપચારથી આત્માના છે. તેથી જેમ ઉપચારથી આત્માને તે પરિણામોનો કર્તા કહેવામાં આવે છે તેમ પરદ્રવ્યનો તો ઉપચારમાત્રથી પણ કર્તા નથી.

卐 જે સમયે જે પર્યાય નિર્મળ થવાની તે તેની મેળે જ ક્રમબદ્ધ થશે. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જતાં લક્ષ જ્ઞાનસ્વભાવી દ્રવ્ય ઉપર જશે, પર્યાય પર નહીં રહે.

卐 આહાહા! અભવિનો આત્મા પણ અત્યારે જ રાગનાં ત્યાગ-સ્વભાવવાળો એટલે કે વીતરાગ સ્વભાવવાળો છે. ત્રણ કાળમાં જેટલાં જીવ છે તે પૂર્ણ સ્વભાવથી ભરેલાં છે.

卐 નિર્મળ પર્યાય એ આત્માનું કાર્ય અને આત્મા એનો કર્તા એ તો ઉપચારથી-વ્યવહારથી કહેવાય છે પણ પુણ્ય ને પાપના ભાવને અને આત્માને તો ઉપચારથી પણ કર્તા-કર્મપણું નથી.

卐 શ્રોતા :—જ્ઞાયક જાણનાર છે ને! માટે તે જાણનાર છે તેથી તેમાં બીજો પણ જણાયો છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના, કેમકે જે જણાય છે તે પોતે જ છે અથવા પોતાની પર્યાય જ જણાણી છે, જાણનારની પર્યાય જણાણી છે. અહા! રાગાદિ હો તો હો, પરંતુ અહીં રાગ સંબંધીનું જે જ્ઞાન છે તે જ્ઞાન તો પોતાથી પ્રગટેલું છે અર્થાત્ તે રાગ છે માટે અહીં સ્વપરપ્રકાશકજ્ઞાનની પર્યાય પ્રગટી છે એમ નથી.

卐 રાગનું જ્ઞાન થયું એમ કહેવું તે વ્યવહાર છે કેમકે તે સંબંધીનું જ્ઞાન એ જ્ઞાનનું જ્ઞાન છે અને તેથી એ પોતાનું જ્ઞાન થયું છે.

卐 ખરેખર ષટ્કારકનું પરિણમન પર્યાયમાં છે જ્યારે દ્રવ્યની ષટ્કારક શક્તિ છે પરંતુ પરિણમન નથી. તેથી, જે જ્ઞાનની પર્યાયે પોતાને જાણ્યો તે જ પર્યાયે રાગ સંબંધીના પોતાના જ્ઞાનની પર્યાયને પણ જાણી છે. માટે, પર્યાય કર્તા છે ને પર્યાય કર્મ છે. સમજાણું કાંઈ?

卐 'પોતે જાણનારો માટે પોતે કર્તા'–એ કર્તા છે. રાગ સંબંધીનું જે જ્ઞાન થયું છે તે જ્ઞાનની પર્યાયનો કર્તા પોતે છે અને તેનું કર્મ પણ એનામાં છે–અનન્ય છે. માટે, તે જ્ઞાન રાગને જાણે છે એમ નથી અને રાગને લઈને એ જ્ઞાન થયું છે એમ પણ નથી.

卐 પોતાની પર્યાયનો જાણનારો છે માટે કેવળી પોતાની પર્યાયને જાણે છે પરંતુ કેવળી લોકાલોકને જાણે છે એમ નથી. તેથી પર્યાય તેમનું કાર્ય છે અને કર્તા તેમનું જ્ઞાનસ્વરૂપ છે અથવા પર્યાય છે, તેથી લોકાલોક છે માટે અહીં જ્ઞાન-કેવળજ્ઞાન-થયું છે એમ નથી.

卐 અરે! એક પણ વાત જો સર્વજ્ઞના ન્યાયથી બરાબર જાણેને તો તેને બધીય વાત યથાર્થ જણાય જાય. કેમકે એક ભાવ જાણે તેને બધાય ભાવ યથાર્થ જણાય જાય. પણ જ્યાં એકેય ભાવના ઠેકાણા ન મળે ત્યાં અરેરે! જિંદગી પૂરી થવા આવી તોપણ તેમાં જે કરવાનું હતું તે રહી ગયું અને તેણે એકલાં પાપનાં ધુમાડા કર્યા છે. અરે! પુણ્યના પણ ઠેકાણા ન મળે!

卐 અહા! શરીરના બળુકા ઉપવાસાદિ કરે છે અને બુદ્ધિના પ્રકાશ કરવાવાળા એકલા પરને જાણવાની બુદ્ધિની વાત કેળવે છે પણ અંદર શું ચીજ છે તેને કેળવવા જતા નથી.

卐 નિર્જરાના કાળે પણ નિર્જરાની પર્યાયને જાણે છે પણ તે નિર્જરાને કરતો નથી. અહા! નિર્જરાના કાળે જાણે છે. અર્થાત્ નિર્જરાની જે પર્યાય છે તે જ્ઞાનરૂપે થઈ છે એમ તેને તે જાણે છે તેમ બંધને જાણે છે એટલે કે બંધનું જે જ્ઞાન થયું છે તે જ્ઞાનની પર્યાયને જાણે છે. તેવી રીતે મોક્ષની પર્યાયને પણ જાણે છે. આમ, ઉદયને જાણે છે અને મોક્ષને પણ જાણે છે.

卐 અહા! રાગ એ ખરેખર અન્ય દ્રવ્ય છે પણ સ્વ વસ્તુ નથી. અંદર ભગવાન આત્મામાં જે કંઈ પુણ્ય ને પાપના ભાવ થાય છે તે નિશ્ચયથી અન્ય દ્રવ્ય છે તેથી સ્વદ્રવ્ય તે અન્ય દ્રવ્યરૂપે થતું નથી એટલે જે વસ્તુ છે તે ત્રણ કાળમાં વિકારપણે થતી જ નથી.

卐 જ્ઞાયક એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. જાણનાર.... જાણનાર....એવું કહેવામાં આવે છે તો જાણનાર પરને જાણે છે માટે જાણનાર છે ને? ના. એ તો પરને જાણવાના કાળમાં પોતાના જ્ઞાનની વિકાસશક્તિ પ્રગટ થઈ છે અને તે પોતાથી થઈ છે. પર્યાયમાં પરને જાણવાનું અને સ્વને જાણવાનું જે થાય છે તે પર્યાયનો વિકાસ વ્યક્ત પ્રગટ થયો છે અને તે પોતાથી થયો છે, પરથી નહીં.

卐 અહા! અનાદિકાળથી અજ્ઞાનને કારણે રખડી-રખડીને પરિભ્રમણ કરે છે. તેમાં કાગડા, કીડા ને કંથવાના ભવ અનંત કર્યા છે અને હજી પણ જો નહીં સમજે તો મરીને ત્યાં જશે. પછી ભલેને તે અહીંયા કરોડપતિ હો ને માંસ-દારૂ આદિ ખાતો ન હો. પરંતુ વસ્તુનું ભાન નથી અને માયા, કપટ, લોભાદિના ભાવ કરે છે તો મરીને પશુમાં

જશે, જ્યાંથી ફરીને મનુષ્યનો અવતાર મળવો કઠણ પડશે. ધરમ તો કઠણ પડશે પણ મનુષ્યપણું પણ મળવું કઠણ પડશે. આ ચીજ જેવી છે તેવી સમજમાં-જ્ઞાનમાં-નહીં આવે ત્યાં સુધી તો બધા પરિભ્રમણના ભાવ છે.

卐 અહીં કહે છે કે 'જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે' જેવો રાગ અને શરીર છે તેવા તેને જાણ્યા તો એ (ખરેખર) જ્ઞાનની પર્યાય જાણવામાં આવી છે પણ એ રાગનું જ્ઞાન થયું માટે રાગને જાણ્યો છે કે રાગથી જ્ઞાન થયું છે એમ છે નહીં.

卐 અહીંયા (ગાથા-૬મા) પહેલાં તો એ કહ્યું કે વસ્તુ છે એ તો ત્રિકાળ શુદ્ધ છે અને તેની દૃષ્ટિ કરવી તે પણ શુદ્ધ છે. જ્યારે પર્યાયમાં અશુદ્ધતા આવે છે તે કર્મ-સંયોગજનિત છે અને તેથી મલિનતા ભેદ પડે છે. હવે અહીંયા જે જ્ઞાનપર્યાય થઈ છે તે સ્વજ્ઞેયને જાણનારી અને પરજ્ઞેયને જાણનારી એવી એ સ્વપરપ્રકાશકપર્યાય પોતાથી પોતાનામાં થઈ છે. છતાં એ પર્યાય દ્રવ્યમાં છે નહીં. કેમકે પર્યાય તે ભેદ છે. અરે! સવારથી ઊઠે ત્યારથી આ કરો, આ કરો એમ આખો દિ' ધંધા-ધંધા-પાપના ધંધા જે કરતાં હોય એવા જીવને આવું સમજવાને નવરાશ ક્યાં મળે? એને ધરમ તો નથી. પણ પુણ્યેય નથી કેમકે બે-ચાર કલાક સત્ સાંભળવામાં આવતું હોય તો પુણ્ય પણ બંધાય; પણ ધર્મ નહીં હો? કારણ કે ધર્મ તો તે પુણ્યબંધના રાગથી ભિન્ન જે ભગવાન આત્મા છે—પૂર્ણાનંદનો નાથ જે જ્ઞાયકભાવ છે-તેને દૃષ્ટિમાં લેવો એટલે કે જે દૃષ્ટિમાં આખા ત્રિકાળી જ્ઞાયકને લેવો તેનું નામ સમ્યગ્દર્શન છે.

卐 અહીંયા (ગાથા-૬મા) કહે છે કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું-આ પર્યાયની વાત છે હોં?—તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે-તે જાણનારી પર્યાય જ્ઞાયકની છે. સ્વને જાણનારી અને પરને જાણનારી તે પર્યાય જ્ઞાયકની છે. અથવા તો તે પર્યાયમાં જ્ઞાયક જ જાણવામાં આવ્યો છે. પરંતુ પર જાણવામાં આવ્યું છે એમ છે નહીં. અહા! સ્વસન્મુખ થઈને-સ્વનો આશ્રય લઈને-પોતાના નિત્યાનંદ ધ્રુવ જ્ઞાયક ચૈતન્યપ્રભુનું જે સમ્યગ્જ્ઞાન થયું તે જ્ઞાનની પર્યાયમાં રાગ, શરીરાદિ બહારની ચીજ જાણવામાં આવે છે. તો કહે છે કે તે પરને કારણે પર જાણવામાં આવે છે એમ નથી પણ એ પર્યાયનો જ એકલો સ્વપરપ્રકાશકસ્વભાવ પ્રગટ થઈને તે પોતાનામાં પોતાની પર્યાય છે એમ જાણે છે. આવું છે. માર્ગ બહુ સૂક્ષ્મ છે ભાઈ! અત્યારે સંપ્રદાયમાં તો બધા ગોટા ઊઠ્યા છે પણ એને બિચારાને જ્યાં ખબર નથી ત્યાં હવે એ શું કરે? અરે! આ ચીજ (જ્ઞાયકભાવ) કે જે અંદર છે તે આખી રહી જાય છે!

卐 જોકે જ્ઞાનની અવસ્થા થઈ તે જ્ઞાનની પર્યાય ત્રિકાળની અપેક્ષાએ છે તો ભેદ પણ તેનો રાગ તરફનો ઝુકાવ નથી. કેમ કે રાગનું જ્ઞાન થયું છે એ તો સ્વના ઝુકાવવાળી પર્યાયમાં થયું છે. એ કારણે તે પર્યાયને પણ અભેદ કહેવામાં આવે છે. અભેદ અર્થાત્ તે સ્વસન્મુખ થઈ છે, સ્વના આશ્રયે થઈ છે તેથી તેને 'અભેદ થઈ' એમ કહેવામાં આવે છે. પણ તેથી કરીને તે પર્યાય કાંઈ દ્રવ્યમાં ઘુસી જાતી નથી. પર્યાય તો પર્યાયમાં રહે છે. ભલે એ જ્ઞાયકનું જ્ઞાન થયું અને રાગનું પણ જ્ઞાન થયું પણ એ તો પોતાની પર્યાય થઈ છે અને છતાં પણ એ પર્યાય કાંઈ ત્રિકાળમાં ઘુસી જાય છે એમ નથી. પર્યાય, પર્યાયમાં રહે છે અને દ્રવ્ય, દ્રવ્યમાં રહે છે. છતાં દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવે છે. અર્થાત્ આ પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે એવું જ્ઞાન પર્યાયમાં આવે છે. પણ એ વસ્તુ પર્યાયમાં આવી જતી નથી. સમજાણું કાંઈ? હળવે-હળવે તો કહેવાય છે. અહા! આ તો જિનેશ્વરદેવ પ્રભુનો મારગ છે. અનંત સર્વજ્ઞો અનંત તીર્થંકરો આ વાત કહેતાં આવ્યા છે અને જીવે પણ તે વાત અનંતવાર સાંભળી છે. પરંતુ તેને રુચિ નથી. તેણે અંતરનો આશ્રય કરીને તેનું શરણ લીધું નથી.

卐 ત્રિકાળી આત્મા શુદ્ધ તો છે પણ તેનું જેને જ્ઞાન થયું તેને તે શુદ્ધ છે. માટે, એ જે જ્ઞાનપર્યાય થઈ તેને પણ શુદ્ધ કહેવામાં આવી. કેમકે તે અભેદ થઈ ગઈને! જે પૂર્ણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે તેનું જ્ઞાન કરીને પર્યાય સ્વની સન્મુખ થઈ, સ્વના આશ્રયે પ્રગટ થઈ-તો તેને પણ અભેદ કહેવામાં આવે છે અને અભેદની અપેક્ષાએ તેને પણ શુદ્ધ કહેવામાં આવે છે. બાકી પર્યાય છે એ તો વ્યવહારનો વિષય છે. ચાહે તો કેવળજ્ઞાન હો, તોપણ એ વ્યવહારનો વિષય છે.

卐 વૃદ્ધાવસ્થા ન આવી જાય, શરીરમાં રોગ બહાર ન આવે અને ઈન્દ્રિયો હીણી ન થઈ જાય ત્યાં સુધીમાં આત્માનું કામ કરી લે, પછી નહી કરી શકે. તારી જિંદગી નિષ્ફળ ચાલી જશે. રખડવા માટે નિષ્ફળ નહીં હો? પણ ધર્મને માટે નિષ્ફળ. રખડવા માટે તો સફળ, દુ:ખ ભોગવવા માટે તો સફળ. આવું સત્યસ્વરૂપ છે.

卐 વ્યક્ત અને અવ્યક્તનું જ્ઞાન હોવા છતાં અવ્યક્ત નામ આત્મા-દ્રવ્ય એ વ્યક્ત નામ પર્યાયને અડતો નથી-સ્પર્શતો નથી. ત્રિકાળી દ્રવ્ય છે એ પર્યાયને સ્પર્શતું પણ નથી. આહાહા! આ વાત સાંભળવી પણ કઠણ પડે! આ વાત સમજ્યા વગર જન્મ-મરણનાં ફેરા મટે તેમ નથી!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# જિનમાર્ગમાં સાચી જિનપ્રતિમા : વીતરાગભાવ

[શ્રી બોધપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૩-૮-૭૦]

આ, અષ્ટપાહુડ શાસ્ત્ર ચાલે છે. તેમાં બોધપાહુડની ૧૦મી ગાથામાં જિનપ્રતિમાનું વર્ણન ચાલે છે. સાચી જિનપ્રતિમા કોને કહેવી એ વાત ચાલે છે. આ જે મંદિરમાં પ્રતિમા છે એ તો વ્યવહાર છે. એ તો વિકલ્પ ઉઠે ત્યારે ત્યાં લક્ષ જાય એટલું જ છે.

सपरा जंगमदेहा दंसणणाणेण सुद्धचरणाणं ।
णिग्गंथवीयराया जिणमग्गे एरिसा पडिमा ॥१०॥

વીતરાગી આત્માની પર્યાય-રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન—જેવું ચૈતન્યનું સ્વરૂપ છે તેવું ભાન અને તેમાં સંયમની સ્થિરતા, વીતરાગતા જેણે પ્રગટ કરી છે એવા આત્માને વીતરાગ પ્રતિમા કહેવાય છે. માનસિક ભાવનામાં સ્થાપના નિક્ષેપ તરફ લક્ષ જાય કે પૂજા-ભક્તિ કરું પણ આત્મિક ભાવનામાં એનો અવકાશ નથી, સમજાણું કાંઈ?

જેને અંતરમાં દર્શન નામ સ્વની સાચી શ્રદ્ધા છે, સ્વસંવેદન સહિતનું સ્વનું જ્ઞાન છે અને સ્વમાં જ લીનતા છે એવા જે સંયમી મુનિ અને ધર્માત્મા તેમને અહીં જિનમાર્ગમાં 'જિનપ્રતિમા' કહી છે. ઓલો માર્ગ ક્યાં ગયો દર્શન-પૂજાનો? કે એ તો ખરેખર જૈનમાર્ગ જ નથી. એ તો વ્યવહારમાર્ગ છે. વ્યવહાર જિનમાર્ગ છે, નિશ્ચય જિનમાર્ગ નથી.

અહીં તો ગુરુ અને શિષ્ય બન્નેની જિનપ્રતિમા કહી છે. શિષ્ય પણ એવો હોય છે કે જે વિકલ્પ રહિત, શ્રદ્ધા-જ્ઞાન ને સંયમવાળો છે અને પોતે ગુરુ એ બન્નેનો દેહ-જંગમ દેહ એને જિનપ્રતિમા કહી છે. ખરેખર તો એ વ્યવહાર વિકલ્પ એ પરદ્રવ્ય છે, એ વસ્તુ જ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યને આશ્રયે દૃષ્ટિ-જ્ઞાન ને સ્થિરતા એ સ્વદ્રવ્ય અને જૈનમાર્ગ છે.

પરદ્રવ્યનો કર્તા આત્મા કેમ નથી? કે જેની સત્તા ભિન્ન છે એ ભિન્ન સત્તા પરનું કરી શકે નહીં. ચૈતન્ય અને જડ ભિન્ન સત્તાવાન છે; ભિન્ન સત્તાવાન પદાર્થ ભિન્ન સત્તાનું કાંઈ કરે એમ બને નહીં. બીજી વાત એ કે આસ્રવતત્ત્વ અને સ્વભાવતત્ત્વ છે એ ભિન્ન તત્ત્વ છે અને ચૈતન્ય તે સ્વભાવતત્ત્વ છે. એટલે સ્વભાવદૃષ્ટિવંત જે છે તે સ્વભાવ ચૈતન્યતત્ત્વની અપેક્ષાએ આસ્રવ વિભાવતત્ત્વથી ભિન્ન હોવાથી આસ્રવતત્ત્વનો કર્તા નથી.

જેમ, સ્વ અને પર; એ પર છે એ સ્થૂળ પરસત્તા થઈ. તેથી એક સત્તા બીજી સત્તાનું કાંઈ કરે એમ નથી. એમ, ભગવાન આત્મા શુદ્ધ-સ્વભાવ સત્તાવાન પદાર્થ છે. આસ્રવ છે એ ભિન્ન સત્તાવાળી ચીજ છે; તેથી બે પદાર્થની વચ્ચેમાં સ્વભાવદૃષ્ટિવંત દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ પરસત્તાવાન હોવાથી તેનો કર્તા નથી.

ત્રીજી વાત આગળ લઈએ તો દ્રવ્ય અને પર્યાય બે સત્તા ભિન્ન છે. જેમ પરસત્તા ભિન્ન છે, આસ્રવસત્તા ભિન્ન છે માટે તેનો કર્તા નથી તેમ, ત્રિકાળી દ્રવ્ય અને એક સમયની પર્યાય–નિર્મળ વીતરાગી પર્યાય એ બે સત્તા ભિન્ન છે માટે દ્રવ્ય એ પર્યાયનો પણ કર્તા નથી. વીતરાગી પર્યાયનો પણ આત્મા કર્તા નથી. આહાહા! આવું સ્વરૂપ છે આ, જિનસત્તાનાં ત્રણ પ્રકાર પાડ્યા. આવી વસ્તુ છે એને શ્રદ્ધા-જ્ઞાનમાં ન લે અને ઝઘડા કરે! આહાહા!

આ મૂર્તિ તો પરદ્રવ્ય છે જ, એના તરફનો વિકલ્પ ઊઠ્યો એ પણ પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નહીં. તેથી સ્વદ્રવ્યની શ્રદ્ધાવાળો તે પરદ્રવ્યનો કર્તા નથી. આગળ જતાં દ્રવ્ય અને પર્યાય બે સત્તા જ ભિન્ન છે એમ સિદ્ધ કરવી છે, એ બે ભિન્ન સત્તા છે. દ્રવ્ય અને પર્યાય એ બે સત્તા ભિન્ન છે. દ્રવ્ય તે સામાન્ય સત્તા અને પર્યાય તે વિશેષ સત્તા, એ બે ભિન્ન છે. એ અપેક્ષાએ ભિન્ન છે તે ભિન્ન દ્રવ્ય તે પર્યાયનું કર્તા છે નહીં. મોક્ષમાર્ગની પર્યાયનો દ્રવ્ય કર્તા નથી.

સમયસારની ૩૨૦મી ગાથાની શ્રી જયસેનાચાર્યની ટીકામાં આવે છે કે આત્મા એ મોક્ષનો માર્ગ અને મોક્ષની પર્યાયથી ભિન્ન છે. મોક્ષની પર્યાયનો કર્તા આત્મા નહીં, ધ્રુવ નહીં. આવી વાત છે! કેમ કે કર્તા હોય તો બે એક થઈ જાય જેમ, એક સત્તાવાળું દ્રવ્ય બીજા સત્તાવાળાને કાંઈ કરે તો બન્ને એક થઈ જાય તેમ.

ભગવાન આત્માની સ્વભાવ સત્તા અને વિભાવ સત્તા બે સત્તા જ ભિન્ન છે, બન્ને હોવાપણે ભિન્ન છે. માટે, હોવાપણે ભિન્ન તે સ્વભાવ તે વિભાવને કેમ કરે? સ્વભાવની પર્યાય તે વિભાવને કેમ કરે? ન જ કરે? સ્વભાવ પર્યાય જે છે તે વિભાવ પર્યાયની કર્તા નથી. ભગવાન આત્મા આસ્રવ સત્તાનાં હોવાપણાનાં ઉદયભાવથી તો ભિન્ન વસ્તુ છે. ઉદયભાવ એ તો ભાવબંધ તત્ત્વ છે અને સ્વભાવ અબંધતત્ત્વ છે; તેથી અબંધતત્ત્વ એ બંધતત્ત્વનો કર્તા નથી. જો કર્તા થાય તો એ બન્ને એક થઈ જાય, પણ એમ છે નહીં.

હવે, જે વીતરાગી પર્યાય થઈ તે આસ્રવની કર્તા નથી. તે વીતરાગી પર્યાય આસ્રવની પર્યાયને અડતી જ નથી, આલિંગન કરતી જ નથી. જો આલિંગન કરે તો બન્ને એક થઈ

જાય. વીતરાગી પર્યાય અને આસ્રવની પર્યાય બન્ને ભિન્ન છે. મૂળ સિદ્ધાંત તો એ છે કે જેનું હોવાપણું ભિન્ન છે તેને બીજું હોવાપણું અડી શકતું નથી; અડી શકતું નથી માટે કર્તા નથી.

આમ ત્રણ ભિન્ન સત્તા થઈ : (૧) સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય એ ભિન્ન સત્તા છે માટે પરનો કર્તા નહીં; (૨) સ્વાભાવિક વસ્તુ અને તેની નિર્મળ પર્યાય તેનાથી આસ્રવ પર્યાય તદ્દન ભિન્ન છે. આસ્રવભાવ ઉદયભાવ પણ પરદ્રવ્ય છે માટે દ્રવ્ય અને તેની નિર્મળ પર્યાય પણ તે આસ્રવભાવ-પરદ્રવ્યની કર્તા છે નહીં અને (૩) વીતરાગી પર્યાય અને દ્રવ્યની સત્તા એક નથી. એક સામાન્ય સત્તારૂપ ધર્મ છે અને એક વિશેષ સત્તારૂપ ધર્મ છે. બે એક સત્તાપણે નથી, બન્નેની સત્તા ભિન્ન છે માટે, ભિન્ન સત્તા હોવાથી દ્રવ્ય એ વીતરાગી પર્યાયનો પણ કર્તા નથી. મોક્ષમાર્ગની પર્યાયનો–મોક્ષની પર્યાયનો પણ દ્રવ્ય કર્તા નથી.

'જાણેલો પ્રયોજનવાન' કહ્યું છે એટલે કે પોતાની જ્ઞાનની પર્યાય અલ્પ છે તેને જાણે છે. તેમાં દોષ સંબંધીનું જ્ઞાન દોષને લઈને જણાય છે એમ નથી. દોષ તો પરદ્રવ્ય છે. જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરને જાણવાની પર્યાયનું અસ્તિત્વ એક છે. બે અસ્તિત્વ નથી. પરનું જાણવું અને સ્વનું જાણવું એવા બે ભાગ નથી, બે છે એ એકરૂપ છે.એ જ્ઞેય જ્ઞાનની પર્યાયમાં જણાય જાય છે, જાણવા પડે એમ નથી. એ જ્ઞાનની પર્યાયનું સ્વરૂપ જ એવું છે કે પરસંબંધીનું પોતાનું જ્ઞાન અને સ્વસંબંધીનું પોતાનું જ્ઞાન એમ એકરૂપતાને પોતે જાણે છે. અરે! પર્યાયને જાણવું એ પણ વ્યવહાર છે.

નિશ્ચય માર્ગમાં–પરમ સત્ય માર્ગમાં વ્યવહારને ગણવામાં આવ્યો નથી. તેને પરદ્રવ્ય ગણવામાં આવ્યો છે. તીર્થંકરોએ તો સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં રમણતા તેને જિનમાર્ગમાં જિનપ્રતિમા કહી છે. બીજો માર્ગ એ જિનમાર્ગ એ નિશ્ચય નહીં પણ વ્યવહાર છે.

જ્ઞાનની પર્યાયમાં પોતાને જાણતાં એ વ્યવહાર છે એવું જાણવું પોતાને કારણે સાથે જ ઉત્પન્ન થઈ જાય છે. કેવળજ્ઞાની પોતાની પર્યાયને જાણે છે, લોકાલોકને જાણે એમ કહેવું એ અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. એમ, સમ્યગ્દૃષ્ટિ પોતાની પર્યાયને જાણે છે એ સદ્ભૂતવ્યવહારનયે બરાબર છે પણ દોષને જાણે છે એ અસદ્ભૂત વ્યવહારનય છે. આવી પ્રતિમાને જાણ એમ કહે છે. ઓલી પ્રતિમા વચ્ચે હો તો હો એનું જ્ઞાન પણ પોતાનું જ્ઞાન છે આહાહા!

અહીં કહે છે કે પોતાને અને શિષ્યને બન્નેને વીતરાગભાવ છે તેથી તેને જિનમાર્ગમાં

જિનપ્રતિમા કહે છે. આ બહારમાં મંદિર તો વ્યવહાર છે. સ્વવસ્તુની અપેક્ષાએ અવસ્તુ છે જેમ, સ્વદ્રવ્યની અપેક્ષાએ ભગવાન પરમાત્મા અવસ્તુ છે તેમ, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ આસ્રવ અવસ્તુ છે અને તે દ્રવ્યની અપેક્ષાએ પર્યાય અવસ્તુ છે. પર્યાયની અપેક્ષાએ પર્યાય વસ્તુ છે.

અહીં સત્તાની ભિન્નતા તે ભિન્નને કરે નહીં. એવી જે અંતરમાં વીતરાગભાવ તેને જિનમાર્ગમાં જિનપ્રતિમા કહી છે. વ્યવહાર એ જૈનમાર્ગમાં નથી. એ તો બહારની વાત છે. એ જૈનમાર્ગ નથી. ઉપચારિત વિકલ્પ છે. કળશટીકામાં આવે છે કે પરનો કર્તા તો ક્યાં રહ્યું પણ પર્યાયનો કર્તા પણ ઉપચારથી છે. ઉપચાર કહો કે વ્યવહાર કહો તે અભૂતાર્થ છે. જેને ધર્મ કરવો હોય તેને આ જાતનું જ્ઞાનમાં નક્કી કરવું પડશે.

જેનું વીતરાગ સ્વરૂપ છે, રાગ-દ્વેષ-મોહ નથી, અરે! વિકલ્પમાત્ર નથી એવું નિર્વિકલ્પ સ્વરૂપ છે એવી પ્રતિમાને જિનમાર્ગમાં વીતરાગ પ્રતિમા કહી છે. પછી વ્યવહાર છે એ કહેશે પણ કોઈ એમ માની લે કે વ્યવહારથી મોક્ષ થાય, ધર્મ થાય તો એ વાતમાં માલ નથી. અસંખ્ય પ્રકારના સહજ શુભભાવ હોય છે પણ જ્ઞાની એના કર્તા નથી. જેમ કેવળી લોકાલોકના કર્તા નથી પણ લોકાલોક છે ખરો. તેમ જ્ઞાની શુભભાવનો કર્તા નથી, શુભભાવ છે ખરો, જેમ, લોકાલોક છે પણ પર તરીકે છે તેમ.

સમ્યગ્દૃષ્ટિ તો વ્યવહારથી મુક્ત છે, વ્યવહાર તેની પર્યાયમાં જ નથી. વ્યવહાર પરદ્રવ્યમાં ગણી નાખ્યો છે. જેમને દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળતા પ્રગટેલી છે એવા મુનિઓની ગુરુ-શિષ્ય અપેક્ષા પોતાની અને શિષ્યની ચાલતી દેહ તે જિનપ્રતિમા છે, સાચી પ્રતિમા છે; બાકી કલ્પિત છે. ધાતુ-પાષાણની બનાવેલી દિગંબર મુદ્રાવાળી મૂર્તિ તે વ્યવહાર પ્રતિમા છે.

કેવળજ્ઞાન પોતાની પર્યાયને જાણે છે, પરને–લોકાલોકને જાણે છે એમ કહેવું એ અસદ્ભૂત વ્યવહારનય છે, તેવી-રીતે જ્ઞાનીને રાગ છે એમ કહેવું એ અસદ્ભૂત વ્યવહાર છે. જ્ઞાનીને તો રાગ છે જ નહીં. જ્ઞાનીને તો પોતાનું અને પરનું જ્ઞાન પોતાના સ્વરૂપમાં પોતાને કારણે ઉત્પન્ન થયું છે.

આમ, બાહ્ય પ્રતિમા પણ જો વીતરાગ સ્વરૂપ હોય તો વ્યવહારમાં માન્ય છે પણ જો ટીલું–ટપકું કરેલું હોય તો તે વીતરાગ ન રહી તેથી તે માન્ય નથી. એ વીતરાગ પ્રતિમા છે એટલે શુભભાવ થાય છે એમ નથી. એ કાળે શુભભાવ હોય છે તે કાળે ત્યાં વીતરાગ

પ્રતિમા ઉપર લક્ષ જાય છે. તેને દેખીને શુભભાવ થાય છે એમ નથી, તે તો પર છે. પરને દેખીને શુભ કે અશુભભાવ થાય એમ છે નહીં.

સમકિતી તો શુભભાવથી પણ મુક્ત છે કેમકે શુભભાવ તે તો આસ્રવતત્ત્વ છે, આસ્રવતત્ત્વ તે ભિન્ન તત્ત્વ છે. ભિન્ન છે તે ભિન્નતાને કરે નહીં તો પછી મંદિર કરે-બનાવે એ વાત તો ક્યાં રહી!

અહીં વીતરાગમાર્ગમાં તો વીતરાગ પડીમાને જિનપ્રતિમા કહી છે. વ્યવહારનું તો જ્ઞાન કરાવે છે; સાથે હોય તેનું જ્ઞાન થઈ જાય છે.

जं चरदि सुद्धचरणं, जाणइ पिच्छेइ सुद्धसम्मत्तं ।
सा होई वंदणीया णिग्गंथा संजदा पडिमा ॥११॥

જે શુદ્ધ આચરણ આચરવા કરે છે અર્થાત્ વીતરાગી આત્માની દૃષ્ટિ-જ્ઞાન અને લીનતા તેનું આચરણ કરે છે, જે યથાર્થ વસ્તુને જાણે અર્થાત્ વસ્તુ જેમ છે તેમ જાણે તથા સમ્યક્ દર્શન દ્વારા પોતાના વીતરાગ સ્વરૂપની શ્રદ્ધા કરે એવું શુદ્ધ સમ્યક્ત્વ જેમને હોય છે તે નિર્ગ્રંથ સંયમસ્વરૂપ પ્રતિમા છે. ભગવાનને જેમ ગ્રંથ નથી તેમ બાહ્ય પ્રતિમાને ગ્રન્થ-વસ્ત્રનો તાણો ન હોય તે વ્યવહારથી વંદવા યોગ્ય છે. નિશ્ચયથી તો આ પ્રતિમા પણ વંદન યોગ્ય નથી.

રાગ છે તે વિઘ્ન છે, કષાય છે, અગ્નિ છે, ભઠ્ઠી છે. તે વચ્ચે વિઘ્નરૂપ એકદશા હોય છે જ્યાં નિશ્ચય હોય છે. રાગ ચાહે શુભ હો કે અશુભ હો અગ્નિ છે. ભગવાન તરફનો ઉપયોગ છે તે રાગ છે માટે તે કષાય છે માટે તે અગ્નિ છે. એ તો શુભભાવ હોય ત્યારે એવો વિકલ્પ આવે છે અને તે વખતે પ્રતિમા ત્યાં હોય છે. વધારે જોર દેવા જાય તો દૃષ્ટિ મિથ્યા થઈ જશે.

પર્યાય એ દૃષ્ટિનો વિષય નથી તો મૂર્તિ એ દૃષ્ટિનો વિષય ક્યાંથી આવ્યું? નિર્મળ પર્યાય એ પણ દૃષ્ટિનો વિષય નથી. સમજાણું કાંઈ!

જાણવાવાળો, દેખવાવાળો, શુદ્ધસમ્યક્ત્વ, શુદ્ધચારિત્રસ્વરૂપ નિર્ગ્રંથ· સંયમસહિત છે એવા મુનિને પ્રતિમા કહી છે. અઠ્ઠાવીસ મૂલગુણને પ્રતિમા નથી કહ્યું. એનો વ્યવહાર છે એને અહીં પ્રતિમા નથી કહ્યું. નિશ્ચયથી વીતરાગ પ્રતિમા અને મંદિર પણ વંદન કરવા યોગ્ય નથી. વીતરાગી દૃષ્ટિ-જ્ઞાન અને ચારિત્ર એ સાચી ભક્તિ છે પછી વ્યવહાર ભક્તિ હોય

છે પણ જેને વ્યવહારમાં હોંશ વર્તે છે તે તો મિથ્યાદૃષ્ટિ છે.

दंसणअणंतणाणं अणंतवीरिय अणंतसुक्खा य।
सासयसुक्ख अदेहा मुक्खा कम्मट्ठबंधेहिं ॥१२॥

निरुवममचलमखोहा णिम्मिविया जंगमेण रूवेण।
सिद्धट्ठाणम्मि ठिया पोसरपडिमा धुवा सिद्धा ॥१३॥

જેઓ અનંત દર્શન-જ્ઞાન-વીર્ય-સુખ સહિત છે તથા શાશ્વત અવિનાશી સુખસ્વરૂપ છે એવા સિદ્ધ ભગવાન એ 'પ્રતિમા' છે. પોતાનામાં સુખ છે એ માન્યતા છોડીને કોઈ પણ બહારના વિકલ્પમાં સુખ માન્યું તે દૃષ્ટિ મિથ્યા છે. વ્યવહારનો વિકલ્પ આવે એ સુખ છે અથવા એ ઠીક છે એવો ભાવ આવે એ દૃષ્ટિ મિથ્યા છે.

વ્યવહાર છે તો મને લાભ થાય છે એ તો નથી પણ વ્યવહાર છે તેથી તેનું જ્ઞાન થાય છે એમ પણ નથી. જો તેના આશ્રયે જ્ઞાન પર્યાય થાય તો તો તે પરાધીન જ્ઞાન થયું, જ્ઞાન પર્યાય એવી પરાધીન નથી. એ જ્ઞાન પોતાને જાણે—દ્રવ્ય-ગુણને જાણે અને રાગને જાણવા સંબંધીનું જ્ઞાન એ પોતા સંબંધીનું પોતાને કારણે ઉત્પન્ન થયેલું છે. રાગને કારણે જ્ઞાન ઉત્પન્ન થયું છે એમ નથી. લોકાલોકને કારણે કેવળજ્ઞાન થયું છે એમ નથી.

આનંદનો ઘન—આનંદની મૂર્તિમાંથી પ્રગટેલું સુખ તે સાચું સુખ છે. બાકી, પુણ્યમાં પણ સુખ નથી અને વ્યવહારરત્નત્રયમાં પણ સુખ નથી. જ્યાં સુધી 'આત્મામાં સુખ છે અને પરમાં સુખ નથી' એવું ભાન ન થાય ત્યાં સુધી આત્માનો અનાદર કરે છે.

જેઓ 'અદેહ છે', અદેહ એટલે કે જેઓ કર્મ અર્થાત્ દ્રવ્યકર્મ અને ભાવકર્મ તથા નોકર્મરૂપી પુદ્ગલદેહ રહિત છે એવા સિદ્ધ તે જિનપ્રતિમા છે. શુભ–અશુભ વિકલ્પ આવે છે તે કાંઈ વસ્તુમાં નથી અને તેથી તેને જિનપ્રતિમા કહેતાં નથી.

❐ ❐ ❐

પર કી પરિણતિ કા મૈં કર્તા ઔર વો મેરા કાર્ય વો તે હૈ નહીં. અપની ધર્મકી જો પરિણતિ હૈ ઉસકા ભી મૈં કર્તા–દ્રવ્ય કર્તા હૈ વો ભી ઉપચાર–વ્યવહાર સે કહને મેં આતા હૈ. દ્રવ્ય પર્યાય કા કર્તા હૈ હી નહીં, પર્યાય હી પર્યાય કા કર્તા હૈ.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# આત્મા અકર્તા-જ્ઞાતા છે

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૧૮)

આ, શ્રી સમયસાર નાટક છે. શ્રી કુંદકુંદઆચાર્ય કૃત સમયસારની ટીકા શ્રી અમૃતચંદ્ર આચાર્યે કરી તેમાં જે કળશ આવ્યા તેની ટીકા પંડિત રાજમલજીએ કરી છે તેના ઉપરથી બનારસીદાસજીએ આ નાટક સમયસાર બનાવ્યું છે. આ રીતે આ શાસ્ત્રની રચના થઈ છે.

શ્રોતા :—આ શાસ્ત્રને 'નાટક' નામ કેમ આપ્યું છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :— આ આત્મા નટ છે, તેનું પરિણમન એ નાટક છે. આત્મા અજ્ઞાનપણે ઉલટું પરિણમન કરે છે અને જ્ઞાનપણે જ્ઞાન, આનંદરૂપે પરિણમન કરે છે એ બતાવનારું શાસ્ત્ર હોવાથી તેને 'નાટક સમયસાર' નામ આપ્યું છે. બીજી રીતે કહીએ તો 'ન ટકે તે નાટક' પર્યાય એક સમયમાત્ર ટકીને નાશ પામે છે માટે તેના કથનને નાટક કહ્યું છે.

અહીં આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં આત્મા કર્તા નથી એ વાત સિદ્ધ કરવી છે. સર્વવિશુદ્ધસ્વભાવથી ભરેલો આત્મા રાગનો કે શરીર, વાણી, મન, કર્મ આદિનો નિશ્ચયથી કર્તા નથી. એવો જ તેનો સ્વભાવ છે. આવા સ્વભાવની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે.

એક શ્લોકનો અર્થ થઈ ગયો છે, હવે બીજો શ્લોક અને ત્રીજું પદ્ય લેવાનું છે.

जो निहचै निरमल सदा, आदि मध्य अरु अंत।
सौ चिद्रूप बनारसी, जगतमांही जयवंत ॥३॥

અર્થ :—જે નિશ્ચયથી આદિ, મધ્ય અને અંતમાં સદૈવ નિર્મળ છે, પં. બનારસીદાસજી કહે છે કે તે ચૈતન્યપિંડ આત્મા જગતમાં સદા જયવંત રહો.

ભગવાન આત્મા નિશ્ચયથી સદાય નિર્મળ અને આદિ, મધ્ય તથા કે અંતથી રહિત છે. આદિ અને અંત તો પર્યાયના હોય. વસ્તુની આદિ કે અંત ન હોય, ધ્રુવ વસ્તુના આશ્રયે

જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આવો ધ્રુવ આત્મા રાગ અને પરનો કર્તા નથી. છતાં હું આ બધાં કાર્યનો કર્તા છું એવું અભિમાન કરવું, રાગ કરવો એ મારી ફરજ છે, રાગ મારું કર્તવ્ય છે—એ બધો અજ્ઞાનભાવ છે. હું પરના કાર્યની વ્યવસ્થિત વ્યવસ્થા કરું છું, હું ઉપદેશ આપું છું—બધું અજ્ઞાન છે.

આગળ કર્તા-કર્મ અધિકારમાં આ બધી વાત આવી ગઈ છે. આવી વાત બીજે ક્યાંય નથી પણ દિગંબર શાસ્ત્રોમાં પણ સમયસાર સિવાય આવો અધિકાર બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. મુખ્ય વાત કરી છે કે ઈશ્વર કર્તા છે તેણે આ જગતની રચના કરી છે એવી વાત તો છે જ નહિ પણ જીવ પોતાની પર્યાયમાં રાગ બનાવે એવું પણ જીવનું સ્વરૂપ નથી.

આતમરામ ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ શક્તિનો પુંજ છે તે નિશ્ચયથી સદાય નિર્મળ છે. મલિનતા થાય છે અને મલિનતાનો નાશ થાય છે પણ એ દ્રવ્યસ્વભાવમાં નહિ, પર્યાયમાં છે. પર્યાય દ્રવ્ય નથી. આગળ આવી ગયું છે.

'કરૈ કર્મ સો હી કરતારા, જો જાનૈ સો જાનનહારા;
જાને સૌ કર્તા નહિ હોઈ, કર્તા સો જાને નહિ કોઈ'.

કરૈ કરમ સો હી કરતારા એટલે દયા-દાન-વ્રત-ભક્તિ આદિ મારી રચના છે, મારું કાર્ય છે એમ કર્તા થાય છે. અજ્ઞાની વિકલ્પનો કર્તા છે પણ જેને 'આત્મા' કહેવાય છે તે આત્મા રાગનો કર્તા નથી અને આત્મા જેની દૃષ્ટિમાં આવ્યો છે તે સમ્યગ્દૃષ્ટિ પણ રાગના કર્તા નથી.

ચૈતન્યપ્રકાશી આત્મા આદિ, મધ્ય, અંતમાં–સર્વાંગમાં જ્ઞાનસ્વરૂપ છે, સદાય નિર્મળ છે. રાગ કે શરીર આદિ કોઈ તેનું રૂપ નથી. બનારસીદાસજી કહે છે કે અહો! આવો આત્મા જગતમાં જયવંત વર્તે છે. એકેન્દ્રિય....પંચેન્દ્રિય આદિ પર્યાયોમાં હોવા છતાં તેનો દ્રવ્યસ્વભાવ જયવંત વર્તે છે.

जीव करम करता नहि ऐसैं।
रस भोगता सुभाव न तैसैं॥
मिथ्यामतिसौं करता होई।
गए अग्यान अकरता सोई॥४॥

અર્થ :—જીવ પદાર્થ વાસ્તવમાં કર્મનો કર્તા નથી અને કર્મરસનો ભોક્તા નથી,

મિથ્યામતિથી કર્મનો કર્તા-ભોક્તા થાય છે, અજ્ઞાન દૂર થતાં કર્મનો અકર્તા-અભોક્તા જ થાય છે.

ચોથા કળશનું આ પદ્ય છે. અહા! આમાં વસ્તુસ્વરૂપનો નિચોડ છે. લાખવાતની એક વાત આ છે. આહાહા! આ તારી ચીજ! રાગાદિનો કર્તા આત્મા નહિ. અજ્ઞાનભાવે તેને કર્તા ભાસે છે.

અહો! કેટલી ધીરજ અને સ્વસન્મુખતા આવે છે ત્યારે રાગનો કર્તા ભાસતો નથી. સમ્યગ્દર્શનમાં પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ છૂટી જાય છે અને દ્રવ્યસ્વભાવબુદ્ધિ થાય છે તેથી સ્વભાવ-પરિણમન જ થાય છે, રાગનું પરિણમન રહેતું નથી.

जीव करम करता नहि ऐसैं। જેમ નેત્ર પરપદાર્થની ક્રિયા કરતું નથી, જાણે છે તેમ જ્ઞાનસ્વરૂપ આત્મા ત્રિકાળી જ્ઞાનનો રસકંદ છે તે કર્મનો કર્તા થતો નથી, રાગનો અને વ્યવહાર-રત્નત્રયનો પણ જ્ઞાન કર્તા નથી.

જેમ સુવર્ણ તેની કુંડલ આદિ પર્યાયોથી અભિન્ન છે તેમ ચૈતન્યસ્વભાવી આત્મા તેના દરેક પરિણામમાં જ્ઞાતા છે. જ્ઞાતાપણાની પર્યાયથી ચૈતન્ય અભિન્ન છે. લોકાલોકનો જ્ઞાતા-દૃષ્ટા આત્મા કર્તા નથી, માત્ર જ્ઞાતા છે એવી દૃષ્ટિ અને એવો દ્રવ્યસ્વભાવ છે તે રાગનો કર્તા નથી. આમાં ક્રમબદ્ધ આવી ગયું. થવાયોગ્ય પર્યાય થાય છે તેનો કર્તા આત્મા નથી, ધર્મી તેના જ્ઞાતા રહે છે.

ભગવાન! આ તો વસ્તુનું સ્વરૂપ છે, કોઈ સંપ્રદાય નથી. વસ્તુસ્વરૂપ આનાથી બીજી રીતે હોઈ શકતું નથી. અનંતગુણનો પુંજ એવો દ્રવ્યસ્વભાવ રાગનો કે વ્યવહારનો કર્તા નથી. શાસ્ત્રમાં આવે છે કે મુનિ પંચમહાવ્રત પાળે છે, શ્રાવક બાર વ્રત પાળે છે...વગેરે બધા વ્યવહારનયના કથન છે, વસ્તુસ્થિતિ એમ નથી.

ચૈતન્યપ્રભુ આત્માને રાગનું કર્તાપણું સોંપવું એ અજ્ઞાન છે. આનંદરસનો રસિયો ભગવાન રાગનો ભોક્તા પણ થતો નથી. શરીર, કુટુંબ, આબરૂ, સ્ત્રી આદિનો તો ભોક્તા છે જ નહિ પણ અજ્ઞાનભાવ છે ત્યાં સુધી રાગનો કર્તા-ભોક્તા થાય છે. જ્ઞાનભાવ થતાં એ રાગનો પણ કર્તા-ભોક્તા થતો નથી.

આવી દૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન થતું નથી. અરે! ચોરાશીના અવતારમાં રખડતાં...જન્મ–મરણ કરતાં કરતાં એણે કેટલાં દુઃખ ભોગવ્યા! ઘાણીમાં પીલાય તેમ આકુળતામાં અનંતવાર પીલાણો પણ આકુળતાનું વેદન એ જીવનો સ્વભાવ નથી. આકુળતાનું

વેદન અજ્ઞાનભાવથી ઊભું થાય છે. તેથી જેને અજ્ઞાન ટળી ગયું છે એવા દૃષ્ટિવંત આત્મા અને આત્મસ્વભાવ અજ્ઞાનભાવનો કર્તા-ભોક્તા નથી. પરમ સત્ય પરમાત્માના મુખેથી નિકળેલી આ પરમ સત્ય વાત છે.

૨૪ વર્ષનો જુવાન છોકરો એકસીડેન્ટમાં રોટલી વણાય તેમ વણાઈ ગયો...છતાં આત્માને એનું દુઃખ નથી, એને દુઃખ એકત્વબુદ્ધિનું છે. અનંત અવતાર એકત્વબુદ્ધિ સહિત કર્યા હવે એકવાર આત્મા શું ચીજ છે એ સાંભળીને સમજી લે! શંરીર ધૂળ છે, આબરૂં ધૂળ છે તેનો કર્તા આત્મા નથી.

સમયસારમાં ક્રમબદ્ધની વાત કરતા શાસ્ત્રકારે એ શબ્દ લીધા છે કે "આત્માનું અકર્તાપણું દૃષ્ટાન્તથી સમજાવીએ છીએ". આ ગાથાઓમાં ક્રમબદ્ધ આવી ગયું છે. અકર્તૃત્વ સિદ્ધ કરતાં તેમાં ક્રમબદ્ધ આવી ગયું. જીવ જે સમયે જે પરિણામરૂપે પરિણમે છે તે સમયે પોતે અકર્તા છે, કેમ કે જીવનું સ્વરૂપ જ્ઞાતા છે. जीवो हि तावत्क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो जीव एव, नाजीवः.....નાસ્તિથી જે અકર્તા છે તે જ અસ્તિથી જ્ઞાતા છે. જે જાણવાવાળો છે તેને કરવાપણું રહેતું નથી. રાગનું કરવાપણું નથી પણ જે પરિણામ પરિણમે છે તેનું પણ કરવાપણું શું!

જે ત્રણકાળ ત્રણલોકને જાણવાની શક્તિવાળો છે એવા ભગવાનની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં એ ક્રમબદ્ધ પરિણમતાં પરિણામનો જાણવાવાળો રહ્યો, કરનાર ન રહ્યો. આવી વાત છે ભગવાન! તું તો જ્ઞાન અને આનંદની શક્તિવાન ભગવાન છો. રાગ અને શરીર કાંઈ તારું સ્વરૂપ નથી.

પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઉપજતો થકો જીવ જ છે, અજીવ નથી. ખરેખર તો જીવ પોતાના પરિણામનો પણ અકર્તા છે. ગજબ વાત છે! ચૈતન્યની લીલા કોઈ ગજબ છે. ચૈતન્ય ઈશ્વરના સ્વભાવના ભાન વિના રાગાદિને હું કરું એવી બુદ્ધિ છે તે મિથ્યાત્વભાવ છે.

ભગવાનની વાણીમાં આ આવ્યું કે ભગવાન! તું તો ત્રણકાળ ત્રણલોકની પર્યાયને જાણવાવાળો છો ને! તું કાંઈ કોઈની પર્યાયને કરવાવાળો છો? શ્વેતાંબરમાં પણ શીતલનાથ ભગવાનની સ્તુતિમાં આવે છે કે—

દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ, રાજનિતીએ ચારજી,
ત્રાસ વિના જડ-ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કારજી....

અમે તો શ્વેતાંબરનું બધું સાહિત્ય જોયું છે. ભગવતીસૂત્રના બે હજાર શ્લોક છે અને સવાલાખ સંસ્કૃત ટીકા છે તે બધું સત્તરવાર વાંચ્યું છે. તેમાં ક્યાંય આ ચીજ નથી. આ ચીજ તો સમયસારમાં મળી એટલે વાંચતાં એમ થઈ ગયું કે આ તો 'અશરીરી થવાનું શાસ્ત્ર' છે. ૭૮ની સાલમાં દામોદર શેઠ પાસેથી સમયસાર મળ્યું. આહાહા! શરીર નહિ, ભવ નહિ, પુણ્ય-પાપ નહિ, તેના ફળ નહિ...અશરીરી થવાની આ ચીજ છે, સમયસાર તો ભગવાનની સાક્ષાત્ વાણી છે.

जीव करम करता नहि ऐसै । જીવ કર્મનો કર્તા નથી એનો અર્થ એ થયો કે પર્યાયમાં પરિણમન કરું એવો વિકલ્પ તેનો પણ જીવ કર્તા નથી. પરિણમન થઈ જ રહ્યું છે પણ પોતાને વિકલ્પ આવે છે એટલે પરિણમન કરું છું એમ કહેવાય છે. જ્યાં વસ્તુસ્વભાવની દૃષ્ટિ થાય છે ત્યાં 'હું ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા છું' પરિણમન કરું એ પણ નહિ, પરિણમન તો ચાલે જ છે.

વરસાદ આવે છે.....વરસાદ તો ખરેખર આ છે. આત્માને શરીર જ નથી તો ગતિ ક્યાંથી મળે! અનંતગુણનો પિંડ આત્મા ક્રમસર થતાં પરિણામનો જ્ઞાતા-દૃષ્ટા છે, કર્તા નથી. ૩૨૦ ગાથાની જયસેનાચાયની ટીકામાં લીધું છે કે ધ્રુવદ્રવ્ય મોક્ષમાર્ગનો કે મોક્ષનો પણ કર્તા નથી. ધ્રુવ પર્યાયનો કર્તા નથી એ બતાવવું છે. પર્યાય પર્યાયની કર્તા છે. રાજકોટમાં આ વ્યાખ્યાન બહુ થયા. આ તો શાંતિની વાત છે. આમ ને આમ મોટી મોટી વિદ્વત્તાની વાતો કરે અને લાખો માણસ રાજી થઈ જાય એવી આ વાત નથી. આ તો સંસારનો અંત અને મોક્ષની શરૂઆત થાય એવી વાત છે. એ પણ દ્રવ્યમાં નથી એમ કહે છે. કાંઈ પણ પરિણમન હું કરું...એ દ્રવ્યનું કાર્ય નથી. દ્રવ્યનું ભાન થતાં શુદ્ધ પરિણમન સ્વયં થાય છે. રાગ આવે છે તેનું પણ જ્ઞાન થાય છે.

અહા! જીવ કર્મનો કર્તા નથી અને તેના ફળરૂપ રસનો ભોક્તા નથી. ભગવાન આત્મા રાગ કરે, દાન કરે, દયા કરે, અશુભભાવના રસને ભોગવે એવું તેનું સ્વરૂપ જ નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ રાગને કરતાં-ભોગવતાં નથી. આત્મા રાગનો કર્તા-ભોક્તા નથી. તેનો અર્થ એ કે આત્મા જેની દૃષ્ટિમાં આવ્યો તે પણ રાગનો કર્તા-ભોક્તા નથી. જેમ દ્રવ્ય અને ગુણ રાગના કર્તા-ભોક્તા નથી તેમ જે પર્યાયમાં જ્ઞાતા-દૃષ્ટાપણું અનુભવમાં આવ્યું તે પર્યાય પણ રાગની કર્તા-ભોક્તા નથી. રાગને જાણનાર રહે છે તે પર્યાયનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

અરે! ચારગતિમાં જન્મ-મરણના દુ:ખ એ આકુળતાના દુ:ખ છે એની એને ખબર

નથી. અજ્ઞાનભાવે આકુળતાને વેદી છે પણ આત્મામાં કોઈ એવો ગુણ કે શક્તિ નથી કે જે વડે રાગને અનુભવે.

આ તો રાજમલજીની કળશટીકા ઉપરથી બનારસીદાસજીએ નાટક લખ્યું છે એટલે પોતે જ લખે છે કે રાજમલજી તો સમયસાર નાટકના મર્મી હતા. તેમણે આ ગ્રંથની ટીકા કરીને સુગમ કરી દીધું છે....प्रगटी जगमांही जिनवानी, घर घर नाटक कथा बरवानी ॥ नगर आगरे मांही विख्याता, कारन पाइ भए बहु ग्याता ॥ હવે તો આ ગુજરાતી થઈ ગયું. પહેલાં તો મૂળ ઢુંઢારી ભાષામાં હતું, તેમાંથી વર્તમાન હિંદી ભાષામાં શીતલપ્રસાદે કર્યું અને હવે તો ગુજરાતી થઈ ગયું.

જેને આત્મા કહીએ છીએ એ તો જ્ઞાન ને આનંદની મૂર્તિ છે. એ કાંઈ રાગને કરવાવાળો કે ભોગવવાવાળો નથી. એ તો અતીન્દ્રિય આનંદનો ભોજી છે. રાગનો અનુભવ કરવાવાળો તો અનાત્મા છે. અનાદિકાળથી આત્મા રાગનો કર્તા-ભોક્તા થઈ રહ્યો છે એ અજ્ઞાનબુદ્ધિના કારણે થઈ રહ્યો છે. જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવનું ભાન નથી તેથી રાગનો કર્તા-ભોક્તા થઈ રહ્યો છે.

હજી તો પુણ્ય કરવું અને પુણ્ય કરતાં કરતાં ધર્મ થશે એવી વાત કરે છે. અરે ભગવાન! આ તું શું કરે છે? તારા સ્વભાવમાં કોઈ એવો ગુણ નથી કે રાગને કરે. પર્યાયમાં રાગ ઉત્પન્ન થાય છે તે અજ્ઞાનભાવે થાય છે બાકી રાગ કરવાનો કોઈ ગુણ નથી. જો રાગ કરવાનો ગુણ આત્મામાં હોય તો એ કદી રાગરહિત થઈ જ ન શકે. આવા વસ્તુસ્વરૂપનો અંતરમાં નિર્ણય તો કરે! મૂળ ચીજ વિના બધાં એકડાં વિનાના મીંડા છે. ચૈતન્ય સ્વભાવનું ભાન નથી તે જીવ રાગનો કર્તા અને ભોક્તા થાય છે. વ્યવહાર-રત્નત્રયનો કર્તા અને ભોક્તા અજ્ઞાની થાય છે, જ્ઞાની તેના કર્તા-ભોક્તા નથી.

ધ્રુવ પરમ પવિત્ર જ્યાં દૃષ્ટિમાં આવે છે ત્યાં એ અકર્તા થઈ જાય છે. વ્યવહારનો પણ અકર્તા અને અભોક્તા થઈ જાય છે. ઘણાં કહે છે કે વ્યવહાર કરો તો નિશ્ચય આવશે. અરે ભાઈ! નિશ્ચય વિના વ્યવહાર કેવો! નિશ્ચય અનુભવ થાય તેને જે રાગ આવે તેને વ્યવહાર કહેવાય પણ નિશ્ચય જ ન હોય તેના રાગને વ્યવહાર ન કહેવાય, સવારે આવ્યું હતું કે નિશ્ચયના ફળમાં નિશ્ચય છે, વ્યવહારનું ફળ નિશ્ચય નથી.

गए अग्यान अकरता सोई । અજ્ઞાન હટવાથી અકર્તા અને અભોક્તા થાય છે. પરદ્રવ્યની પર્યાયને તો અજ્ઞાની પણ કરી શકતો નથી પણ અજ્ઞાન છે ત્યાં સુધી રાગનો

કર્તા થાય છે. જ્ઞાન થતાં રાગનો પણ અકર્તા અને અભોક્તા થઈ જાય છે.

હવે કહે છે કે—

निहचै निहारत सुभाव याहि आतमाकौ,
आतमीक धरम परम परकासना ।
अतीत अनागत बरतमान काल जाकौ,
केवल स्वरूप गुन लोकालोक भासना ।।
सोई जीव संसार अवस्था मांहि करमकौ,
करतासौ दीसै लीए भरम उपासना ।
यहै महा मोहको पसार यहै मिथ्याचार,
यहै भौ विकार यह विवहार वासना ।।५।।

અર્થ :—નિશ્ચયનયથી જુઓ તો આ આત્માનો નિજસ્વભાવ પરમ પ્રકાશરૂપ છે અને જેમાં લોકાલોકના છયે દ્રવ્યોનાં ભૂત, ભવિષ્ય, વર્તમાનના ત્રિકાળવર્તી અનંત ગુણ-પર્યાયો પ્રતિભાસિત થાય છે, તે જ જીવ સંસારીદશામાં મિથ્યાત્વની સેવા કરવાથી કર્મનો કર્તા દેખાય છે. આ મિથ્યાત્વની સેવા મોહનો વિસ્તાર છે, મિથ્યાચરણ છે, જન્મ-મરણરૂપ સંસારનો વિકાર છે, વ્યવહારના વિષયભૂત આત્માનો અશુદ્ધ સ્વભાવ છે.

निहचै निहारत सुभाव....સત્યદૃષ્ટિથી જુઓ તો આ આત્માનો સ્વભાવ પરમ પ્રકાશરૂપ છે. 'યથાર્થતા' શું છે? એ સમજીને પહેલાં વ્યવહારશ્રદ્ધા તો કરે! પછી તેને છોડીને દ્રવ્યનો આશ્રય લેતા જે શ્રદ્ધા થાય છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

આત્માનો સ્વભાવ-ધર્મ તો પ્રકાશવાનો છે. રાગને કરવા-ધરવાનો સ્વભાવ નથી. રાગને કરે અને ભોગવે એવો કોઈ ગુણ આત્મામાં નથી તેથી કોઈ પરિણતી પણ સ્વભાવમાં નથી પરદ્રવ્યના ગુણ અને પર્યાય પોતાના જ્ઞાનમાં જાણવામાં આવે છે પણ તેને મેં કર્યા છે એમ નહિ. કેવળજ્ઞાનમાં તો બધું જણાય છે પણ શ્રુતજ્ઞાનમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય પ્રતિભાસિત થાય છે. છતાં કર્તા કોઈનો નથી. પરને જાણે છે એ પણ વ્યવહાર છે. પોતાની પર્યાયને જાણે છે તે નિશ્ચય છે પણ જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. 'જ્ઞાયક જ્ઞાયકને જાણે છે' એ પણ ભેદ થઈ ગયો.... જાણવા-દેખવાનું તો આત્માનું કાર્ય છે જ, કાંઈ લોકાલોક છે માટે જાણે છે—એમ નથી. પોતાને જાણતાં તેમાં લોકાલોક જાણવામાં આવી જાય છે. નિશ્ચયથી લોકાલોક આત્માની પર્યાયમાં આવતાં નથી.

ધવલનો કષાયપાહુડનો ૧૨મો ભાગ આવ્યો છે. ૧૧ ભાગ તો પહેલાં આવી ગયા હતાં. ૧૨મા ભાગમાં મિથ્યાત્વની જઘન્ય સ્થિતિ અને અનુભાગ ક્યા જીવને કઈ ગતિમાં હોય છે તે બધું સૂક્ષ્મતાથી કથન આવ્યું છે. સર્વજ્ઞ સિવાય કોઈના જ્ઞાનમાં આવી વાત જાણવામાં આવી ન શકે. આચાર્યોએ આ વાત સાંભળીને કંઠસ્થ રાખી...ગજબ વાત છે. ક્ષયોપશમના મોટા દરિયા હોય ત્યારે આવું યાદ રહે. સર્વજ્ઞ સિવાય ક્યાંય આવો માર્ગ ન હોય. આમાં સર્વધર્મ સમન્વય ક્યાંથી થાય! બધાં ધર્મ છે પણ બધાં ધર્મ સાચા છે એમ નથી. આ તો દિવ્યધ્વનિનો સાર લઈને કુંદકુંદઆચાર્યે આ સમાયસાર આદિ બનાવ્યા છે.

સોઈ જીવ સંસાર અવસ્થા માંહિ.....મિથ્યાભ્રમણાને કારણે પોતાના ત્રિકાળ જ્ઞાતા-દ્દષ્ટા સ્વભાવને ભૂલીને હું પરનો કર્તા-ભોક્તા અને સ્વામી છું એમ માનીને સંસારમાં રખડે છે અને ભ્રમણાને સેવે છે, પણ ભગવાનની સેવા કરતો નથી. ચૈતન્ય જ્યોત પ્રભુની સેવા નહિ, ભાન નહિ, અનુભવ નહિ અને દેહનો હું કર્તા છું, રાગનો હું કર્તા છું....એમ ભ્રમણાની સેવા કરે છે. આ બધો મોહનો વિસ્તાર છે. ભગવાન ચૈતન્યનો વિસ્તાર નથી. અજ્ઞાનીનું આચરણ પણ બધું મિથ્યા છે. રાગ-વ્યવહારનું આચરણ મારું છે—એ મિથ્યા આચરણ છે.

ભારે સૂક્ષ્મ વાત છે! આ તો પરમાત્મનું પેટ છે. પરમાત્મા એટલે પરમસ્વરૂપ આત્મા. તેના સ્વભાવમાં રાગનું કર્તાપણું નહિ હોવા છતાં હું રાગનો કર્તા-ભોક્તા છું એમ ભાસવું તે મિથ્યાચાર છે, મોહની મહિમા છે—મોહનો પ્રસાર છે. શ્રાવકના બાર વ્રત, મુનિના અઠ્યાવીસ મૂળગુણ તેને પાળવાવાળો હું છું એવા વિકલ્પનો કર્તા થવું તે મિથ્યાચાર છે.

પ્રભુ! તારું ઘર જબ્બર છે! રાગને કરે અને ભોગવે એવી કોઈ શકિત જ તારામાં નથી. આહાહાહા! રાગાદિ થાય છે તેને જાણવા-દેખવા અને પોતાની પર્યાયને કરવી અને ભોગવવી એવી શક્તિ તારામાં છે.

માર્ગ તો આવો છે ભાઈ! દુનિયાને પસંદ હોય કે ન હોય તેની સાથે સત્યને સંબંધ નથી. જૈનધર્મ જ એનું નામ છે કે રાગ અને અજ્ઞાનને જીતીને સમ્યક્દર્શન અને વીતરાગસ્વભાવમાં રહેવું તે જૈનધર્મ છે. જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. પોતાનો સ્વભાવ વીતરાગમૂર્તિ છે તેની શ્રદ્ધા અને અનુભવ કરવો તે જૈનધર્મ છે. સમયસારમાં ૧૫મી ગાથામાં કહ્યું છે કે જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે, સામાન્ય દેખે, વીતરાગભાવ દેખે, સુખરૂપ દેખે તેનું નામ જૈનશાસન છે તે જ શુદ્ધનય છે.

વીતરાગીસ્વભાવ દેખતાં જે વીતરાગતા પ્રગટ થાય છે તેમાં જૈનશાસન વસે છે,

રાગભાવમાં જૈનશાસન વસતું નથી. ત્રિકાળ ત્રિલોકના નાથ પરમેશ્વરની વાણીમાં–દ્રવ્યશ્રુતમાં આવેલી વાત આ છે. બીજી રીતે વાત આવે તે વીતરાગની વાણી નથી. પંચાસ્તિકાયની ૧૭૨ ગાથામાં આવ્યું છે કે જૈનશાસનનું તાત્પર્ય શું?—કે વીતરાગતા એ જૈનશાસનનું તાત્પર્ય છે. રાગ કે વ્યવહાર એ જૈનશાસનનું તાત્પર્ય નથી.

વીતરાગતા થાય શી રીતે? કે સ્વદ્રવ્યની અપેક્ષા-આશ્રય અને પરદ્રવ્યની ઉપેક્ષા કરવાથી વીતરાગતા થાય છે. જ્યાં રાગની પણ ઉપેક્ષા છે એવો વીતરાગભાવ જ આખા જૈનશાસનનો સાર છે.

यहै भौ विकार....ભાષા કેવી લખી છે જુઓ! વ્યવહારના વિષયભૂત આત્માનો અશુદ્ધ સ્વભાવ આ છે. રાગ મારું કર્તવ્ય છે એમ માનીને રાગની સેવા કરવી એ મિથ્યાભ્રમની સેવા છે—એ મોહનો પ્રસાર છે, ભગવાન આત્માનો પ્રસાર નથી. અંદરમાં વીતરાગભાવ પ્રગટ કરવો તે જૈનધર્મનો પ્રચાર-પ્રસાર છે. પોતાની વીતરાગીપર્યાયમાં જૈનધર્મ રહે છે, જૈનધર્મ ક્યાંય બહાર રહેતો નથી. મિથ્યાભાવોની સેવા એ જ ભવનો વિકાર છે, જન્મ-મરણરૂપ સંસારનો વિકાર છે. વિકલ્પ અને રાગનો હું કર્તા-ભોક્તા છું એવો અભિપ્રાય જ જન્મ-મરણરૂપ સંસારનો કરનારો છે. જ્યાં વ્યવહારનો આદર છે અને નિશ્ચયનો અનાદર છે ત્યાં જ સંસાર છે. રાગને કરવો અને ભોગવવો એ વ્યવહારનો વિષય છે, નિશ્ચયનો વિષય નથી. વ્યવહાર અભૂતાર્થ છે તેની વાસના સંસાર છે.

આ ત્રીજા કળશનો અર્થ થયો. હવે ચોથા કળશમાં કહેશે કે જ્ઞાની જેમ વિષયોનો અકર્તા છે તેમ અભોક્તા છે.

(ક્રમશઃ)

---

આત્મા અપને દ્રવ્ય સે પર્યાય કો છૂતા નહીં ઔર પર્યાય વો દ્રવ્ય કો છૂતી નહીં. આત્મા પરકો તો છૂતા નહીં પર્યાય કો ભી છૂતા નહીં. જ્ઞાનકી પર્યાય જો રાગ કો જાનતી હૈ વો રાગ કો છૂએ બિના ઉસકા જ્ઞાન કરતી હૈ ઔર જો દ્રવ્ય કો જાનતી હૈ વો દ્રવ્ય કો છૂએ બિના દ્રવ્ય કા જ્ઞાન કરતી હૈ. રાગ હૈ તો જાનતી હૈ યા દ્રવ્યકા અસ્તિત્વ હૈ તો પર્યાય મેં ઉસકા જ્ઞાન હુઆ ઐસા હૈ નહીં. એક સમય કી પર્યાય કી ઈતની તાકાત હૈ કી વો સબ જાન લેતી હૈ.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

## વૈરાગ્ય સમાચાર :—

બરવાળાનિવાસી (હાલ સોનગઢ) શ્રી પાનાચંદભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા (વર્ષ–૮૭) તા. ૨૫-૮-૦૬ના રોજ ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૬૦ વર્ષોથી સોનગઢ સ્થાયી રહીને લાભ લેતા હતા.

રાજકોટનિવાસી શ્રી ચીમનભાઈ ભુરાભાઈ શાહ (વર્ષ–૮૭) તા. ૩-૧૦-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ઉંમરાળાનિવાસી શ્રી મગનલાલ કેશવલાલ વોરાના ધર્મપત્નિ લીલાવંતીબેન (વર્ષ–૭૨) તા. ૯-૧૦-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુરેન્દ્રનગરનિવાસી ઝવેરીબેન ત્રંબકલાલ ઘડિયાળી (વર્ષ–૯૪) તા. ૨૦-૧૦-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી નિર્મળાબેન નરોત્તમદાસ દોશી (તે સ્વ. શ્રી મૂળશંકરભાઈ દેસાઈના દીકરી) (વર્ષ–૯૨) તા. ૨૬-૧૦-૦૬ના રોજ સીકંદરાબાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી રહેતા હતા, તત્ત્વના અભ્યાસી હતા.

રાજકોટનિવાસી (હાલ સોનગઢ) બ્ર. ઈચ્છાબેન હીરાચંદ પારેખ (વર્ષ–૮૦, લગભગ) તા. ૨૩-૧૦-૦૬ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સોનગઢ સ્થાયી રહીને તત્ત્વનો ખૂબ જ લાભ લીધો હતો.

અમદાવાદનિવાસી શ્રી રતિલાલ હઠીસિંગ શાહ (વર્ષ–૭૬) તા. ૫-૧૧-૦૬ના રોજ જિનમંદિરે જવા નીકળ્યા ત્યારે રસ્તામાં વાહન સાથે અથડાતાં બ્રેઈન-હેમરેજ થતાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનો ૬૨ વર્ષનો સમાગમ પ્રાપ્ત થયેલો. તેઓ તત્ત્વના ઊંડા ચિંતક હતા. જિનવાણીની અશાતના ન થાય તેનો તેઓને તીવ્ર વિકલ્પ રહેતો જેના ફળસ્વરૂપે અમદાવાદમાં જિનવાણી સુરક્ષાની મોટી વ્યવસ્થા શરૂ થવા પામી અને તે વ્યવસ્થામાં ઊંડો રસ લઈને વ્યવસ્થા સંભાળતા હતા.

નાઈરોબીનિવાસી વિદ્વાનભાઈશ્રી વેલજીભાઈ શાહ તા.૧૬-૧૦-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૩૦ વર્ષથી રોજ સાંજે નિયમિત વાંચન આપતાં હતા. મંડળની દરેક પ્રવૃત્તિમાં હોંશથી લાભ લેતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

★ શ્રી સિદ્ધચક્ર-મંડલવિધાનપૂજા :—તા. ૨૩-૧૦-૨૦૦૬ થી તા. ૩૦-૧૦-૨૦૦૬ સુધી શ્રીમતિ નીલમબેન ધીરજલાલ શાહ (મુલુન્ડ-મુંબઈ) તરફથી શ્રી સિદ્ધચક્ર-મંડલવિધાનપૂજા સ્વાનુભૂતિ સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં રાખવામાં આવી હતી. આવેલા મહેમાનો અને મુમુક્ષુ સમાજે ખૂબ આનંદોલ્લાસપૂર્વક લાભ લીધો હતો.

## સુવર્ણપુરી સમાચાર :—

★ મહાવીર-નિર્વાણ-મહોત્સવ :—શ્રી મહાવીર-નિર્વાણનો પંચાહ્નિક-વાર્ષિક મંગલ ઉત્સવ (દીપાવલીનો મંગલ અવસર) તા. ૧૭-૧૦-૨૦૦૬, મંગળવારથી તા. ૨૧-૧૦-૨૦૦૬, શનિવાર-પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર-પંચ-કલ્યાણક-મંડલવિધાનપૂજા' તથા અધ્યાત્મજ્ઞાનોપાસનાપૂર્વક સાનંદોલ્લાસ 'શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિર'માં ઊજવવામાં આવ્યો અને નૂતનવર્ષનો 'સુપ્રભાતદિન' તા. ૨૩-૧૦-૨૦૦૬, સોમવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવ્યો. આ મંગળ અવસરના લાભ હેતુ બહારગામથી અનેક મુમુક્ષુ આવ્યા હતા. પૂજાના તથા પ્રવચનના સમયે સ્થાન પૂરું ભરાઈ જતું હતું. મુમુક્ષુઓની આટલી વિશાળ ઊપસ્થિતિથી પ્રતીત થતું હતું કે પૂજ્ય કહાનગુરુની સાધનાભૂમિ સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી પ્રતિ મુમુક્ષુઓને ઘણી શ્રદ્ધા તથા ભક્તિ છે.

★ કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા :—કારતક સુદ ૭, રવિવાર, તા. ૨૯-૧૦-૨૦૦૬ થી કારતક સુદ ૧૫, રવિવાર, તા. ૫-૧૧-૨૦૦૬—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવી.

★ વિશેષ ધાર્મિક કાર્યક્રમ :—આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના છવ્વીસમા વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ તા. ૮-૧૧-૨૦૦૬, બુધવારથી તા. ૧૨-૧૧-૨૦૦૬, રવિવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો અવસર પર શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, તેમજ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

**'સમયસાર ગુજરાતી અનુવાદ'ના પૂર્ણાહૂતિનો વાર્ષિક દિવસ : વિજ્યા દશમી**

પૂજ્ય ગુરુદેવશ્રીના કૃપાભીના મંગલ આદેશથી તથા પૂજ્ય ભગવતી બહેનશ્રીની પ્રશસ્ત પ્રેરણાથી ઊંડા આદર્શ આત્માર્થી આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે પરમાગમ શ્રી સમયસારનો ગદ્યપદ્યાનુવાદ કર્યો, અને તેની પૂર્ણાહુતિ વિ.સં. ૧૯૯૬ની વિજ્યાદશમીના મંગલ દિવસે થઈ હતી. વિજ્યાદશમી, (તા. ૨૬-૧૦-૨૦૦૧)ના શુભ દિવસે સવારે, ૯૪ વર્ષના વયોવૃદ્ધ આદરણીય પંડિતજીના શ્રીમુખથી નિઃસૃત મંગલ ઉદ્‌ગાર–

"આપણા બધાના–આત્માનું કલ્યાણ થાય એ જ અંતરની ભાવના છે. જેને સમયસારનો સાચો પ્રેમ જાગે તે અવશ્ય આત્માને પામીને મોક્ષને પામે જ. આથી બધા જીવોએ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે સમયસાર વાંચવું જોઈએ.

આ સમયસાર શાસ્ત્ર મોક્ષ આપે એવું ઉત્તમ શાસ્ત્ર છે.

સમયસારમાં મોક્ષમાર્ગ બતાવવો છે. સમયસાર વસ્તુનું મૂળભૂત સ્વરૂપ બતાવે છે."

# બાળકો તથા પ્રૌઢો માટે અધ્યાત્મજ્ઞાન શિબિર

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા પ્રૌઢ અધ્યાત્મજ્ઞાન શિબિરનું આયોજન તા. ૨૦-૧૨-૦૬ થી તા. ૨૯-૧૨-૦૬ સુધી કરવામાં આવ્યું છે, તો સર્વે મુમુક્ષુઓને લાભ લેવા આમંત્રણ છે.

નમઃ શ્રીસીમન્ધરદેવાય　　　　નમઃ શ્રીકહાનગુરુદેવાય　　　　વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યામંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

## શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત

# ષષ્ઠમ બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૪-૧૨-૨૦૦૬ થી તા. ૨૯-૧૨-૨૦૦૬)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઉંડા તત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા પાંચ વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરી રહ્યો છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૪-૧૨-૦૬ થી તા. ૨૯-૧૨-૦૬ સુધી ષષ્ટમ બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરનું આયોજન જામનગરનિવાસી શ્રી છગનલાલ કાળીદાસ વાધર પરિવારના સૌજન્યથી સ્વ. ભાઈશ્રી ખીમચંદભાઈના સ્મર્ણાર્થે કરવામાં આવ્યું છે. સર્વ મુમુક્ષુભાઈઓને નિવેદન છે કે તેઓ પોતાના બાળકોને લઈ લાભ લેવા અવશ્ય પધારે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો તથા પૂ. ગુરુદેવશ્રીના જન્મધામ ઉમરાળાના દર્શનનો પણ લાભ મળશે.

આ શિબિરમાં બ્ર. વજુભાઈ શાહ (વઢવાણ), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રમેશભાઈ મહેતા (સલાલ), દ્વારા અધ્યાપન કરાવવામાં આવશે.

આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

લિ.

શ્રી કહાન પુષ્પ પરિવાર વતી

હસમુખભાઈ વોરા　　　　ચીમનભાઈ મોદી　　　　જિતુભાઈ શાહ

ના જય જિનેન્દ્ર

આત્મધર્મ
નવેમ્બર-૨૦૦૬
અંક-૩ * વર્ષ-૧

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. ..................
વાર્ષિક લવાજમ રૂા. ૯ આજીવન લવાજમ રૂા. ૧૦૧

# એક સમયની જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જણાઈ જ રહ્યું છે

એક સમયની પર્યાયમાં દ્રવ્ય જ જણાય છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં નથી અને રાગ-દ્વેષ, દયા-દાન આદિમાં દૃષ્ટિ પડી છે અથવા તો તેને પરને જાણનારી એક સમયની પર્યાય પર દૃષ્ટિ પડી છે તેથી મિથ્યાદૃષ્ટિ રહ્યો છે. આમ છતાં, એક સમયની પર્યાયમાં જણાઈ રહ્યું છે તો દ્રવ્ય પોતે જ, પર નથી જણાતું.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

BOOK-POST